# કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં Developer 's Toolkit: Git, GitHub and Teamwork ' વિષયક સેમિનાર યોજાયો

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએ દ્વારા ઈન્ડસ્ટ્રી-ઈન્સ્ટિટ્ યુશન ઈન્ટરએક્શન સેલ અને પ્લેસમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે 'Developer's Toolkit: Git, GitHub and Teamwork'''' વિષય પર સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS)ના યશવર્ધન શેખાવત રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બી.સી.એ.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને Git, GitHub, Version Control, Team Collaboration તેમજ સોફ્ટવેર ડેવલપમેન્ટ ક્ષેત્રમાં તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. લાઈવ ડેમો અને પ્રશ્નોત્તરી સત્ર દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક સમજ પણ આપવામાં આવી હતી. કાર્યક્રમ ડૉ. રૂપેશ વ્યાસ અને ડૉ. જૈસ્મિની કુલકર્ણીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ ઈન્ચાર્જ પ્રો. પૂજા જોષી, પ્રો. પલક પટેલ તથા પ્લેસમેન્ટ ટીમ દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.

દિવ્યભાસ્કર

Date: 01/07/2026